

તિ પ્રિન્ટર્સ, પ્રિતમ સોસાયટી ભરૂચ ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨, ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. Registered under R.N.I. NO. GUJ.GUJ./2004/15636
very month under Postal Registration Number : G/BCH-57 valid upto 31-12-2009 ટેલિ ફેક્સ : (૦૨૬૪૨) ૨૨૨૯૩૫ Mo.: 99047 33000 E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

શ્રી રંગ અવધૂત બાપજી દ્વારા રચિત શ્રી દત્ત બાવનીની રચના થયે પંચોતેરમું વર્ષ બેઠું છે ત્યારે જગતના લાખો જીવો દત્તબાવનીના પઠન-શ્રવણ કરી આ ભવના દુઃખો દુર કરી પરભવના પુણ્ય અંકિત કરી રહ્યા છે ત્યારે ...
શ્રી જગદીશાનંદજી રંગબાળ (કપડવંજ-વાળા)ના પ્રાગટય દિન નિમિત્તે સુરત જીલ્લાના પરીઆ મુકામે યોજાયેલ શ્રી દત્ત બાવનીની અખંડ ધૂન તેમજ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન થયેલ છે. જેના પ્રથમ દિવસે દત્તબાવનીની ધૂન વેળાની તસ્વીરો અને શ્રી પરમ પૂજય સંત શ્રી જગદીશાનંદજી રંગબાળની જીવન ઝરમર અત્રે પ્રસ્તુત કરી શ્રી રંગ પરિવારને સાદર કરેલ છે.






પં.પૂ. સંત શ્રી જગદીશાનંદજી રંગબાળ કપડવંજવાળાના પ્રાગટય ઉજવણી અવસરે તેઓની જીવન ઝરમર પર એક દ્રષ્ટિ...

NEWS Papes - Jung - e - gujarat -

# પૂ. જગદીશાનંદજીની જીવન ઝરમર

જન્મસ્થળ કપડવંજ, જી. ખેડા, જન્મ તા. ૨૯-૩-૧૯૫૪ ફાગણવદ-૯, ને સોમવાર સવારે ૧૦:૪૫ પિતા કાર્તિકલાલ ચંદુલાલ સોની, માતા પ્રેમીલાબેન માત્ર દોઢ જ વર્ષની વયે માતા પ્રેમીલાબેનનું નિધન-પિતાશ્રીએ જ બાળપણનો ઉછેર, સાત વરસની નાની ઉંમરથી જ સંગીત પ્રત્યે અપાર પ્રેમ (ભજન મંડળીઓમાં લોકો લઇ જતાં અને ઢોલક-તબલાં વગાવડાવતા. આઠ વર્ષની વયે કપડવંજના ભારત ઈલેક્ટ્રીક સ્ટોર્સવાળા રજનીકાન્તભાઇ દવે સૌપ્રથમ વખત જ નારેશ્વર, ભગવાન રંગાવધૂત મહારાજશ્રીના દર્શન, પૂ. બાપજી ૐ બોલ્યા અને સામે જ પ્રત્યુત્તરમાં જગદીશ મોટેથી ૐ બોલ્યો. પૂ.બાપજીએ દવેને કહ્યું. આ છોકરો ૐ સાચું બોલે છે. પ્રથમદર્શને જ સફરજન, પેંડો આપ્યો. 'છોકરા કાંઇ ગાતા-વગાડતા આવડે છે?' પૂ. બાપજીએ કહ્યું. છોકરાએ કહ્યું, 'મહારાજ મને કોણ શીખવાડે ?' એ જ સમયે પૂ.બાપજીએ બંને હાથની હથેળીથી તાલ મિલાવી 'ચલે દત્ત અવધૂત દરશને ભાગે સબ ભૂત' ધૂનની ગાન દીક્ષા સાથે ૐ કાર ખૂબ જોરથી પડે કે બંદા નારેશ્વરમાં. નાની મોટી દરેક સેવામાં જ મન પરોવે. રાત્રી ઓટલા પર ભજનગાન, પેઈન્ટીંગ કરે, પૂ. બાપજીની લીમડાની બેઠક પાસે રંગોળી, ૐ કાર, શિવલીંગ બનાવે, પૂ.બાપજીને પણ ખૂબ ગમતું. વેકેશન પુરૂં થાય તો ઘરે પાછું જવાનું ગમતું ન હતું. રડ્યા કરે. પૂ. બાપજી કહેતાં, 'ચાલો હવે જાઓ ભણવાની તેયારી કરો, રજાઓમાં આવજે' બસ તે સમયથી (૧૯૬૨ થી ૧૯૮૭) સુધી નારેશ્વરધામમાં દરેક પ્રકારની સેવા-સ્મરણના પાઠું ભણતો એકવાર પૂ.બાપજી લીમડા નીચે બેઠા હતાં ને દૂર રહ્યો રહ્યો આ બાળકે પૂ.બાપજીનો પેન્સિલથી સ્કેચ બનાવ્યો. સમય (ઈ.સ.૧૯૬૬-૬૬) પૂ. બાપજીએ દૂરથી સાદ કીધો, 'અલ્યા છોકરા શું દોરે છે ? લાવ બતાવ.' અને ધ્રુજતાં હાથે નજીક ગયો અને સ્કેજ જોતાં જ મહારાજશ્રી ગુસ્સા સાથે (પ્રેમમાંજ) 'શું હું આવો દેખાવું છું ?' કારણકે મને વાળ અને દાઢી દોરતાં આવડ્યા ન હતાં પણ આંખ જોતાં જ આંખો બરાબર દોરી છે. ચાલ સરસ



(અનુ. પાના (૧) નું ચાલું)

## પૂ. જગદીશાનંદજીની જીવન ઝરમર

નાની બાળક વયે જ ૐ કાર, ગાયન, ચિત્રની દીક્ષા મળી ગઈ. નાના પતરા ઉપર પેઈન્ટીંગ, કબીરના દોહરા, ગુરુલીલામૃતના દોહરા અનેં તે સમયથી જ પૂજ્યપાદ તપસ્વી મોદીકાકા, ગાંધીકાકા, ડો. વાણીકાકા, ડો.ધીરૂભાઈ જોષી, વલસાડના દામજીકાકા, મિસ્ત્રી પૂ. શ્રી ગોધનકાકા, પૂ. જયંતિકાકા, આચાર્યશ્રી અને એ પહેલાંના કેટલાંયે વિદ્વાનો નામી-અનામી જે કાંઈ સૂચન કે લેખન આપતાં તે બોર્ડમાં ચીતરતો, અને નાની વયથી જ આ બાળક 'નારેશ્વરનો પેઈન્ટર' તરીકે રાત્રીના ભજવાતી રમઝટમાં ગાયક-વાદક તરીકે જાણીતો થયો. જો નારેશ્વર ન મળ્યું હોત તો આ બાળકનો ઉધ્ધાર જ ન હોત. નારેશ્વરભૂમિ જ એના માટે શ્વાસોચ્છવાસ પ્રાણ છે.. આજે પણ. ૐ... ભગવન શ્રી રંગાવધૂત મહારાજશ્રીની અસીમ કૃપા જ વારંવાર રંગદર્શન, નારેશ્વર તીર્થ પ્રયાણ, એજ જીવનનું લક્ષ્ય (૧૯૬૮માં) આસોવદ તેરસથી કારતક સુદ પાંચમ સુધી ભગવાન શ્રી રંગાવધૂતજીની કપડવંજમાં પધરામણી અનેરો મહામૂલો લ્હાવો - ન ભૂતો ન ભવિષ્યતિ..

સતત્ સેવા... સેવા... ને સેવા જ. પૂ. બાપજી સ્વમુખે બોલ્યા, 'આ અવધૂતની સવારીનું છેલ્લું સ્ટેશન' અને સાચે જ કપડવંજથી રેલ્વે લાઈન આગળ જતી ન હતી. લાભપાંચમે પૂ. બાપજી કપડવંજ છોડી નડીઆદ થઈને સાબરમતી થઈને જયપુર જવાના. આ બાળક આખી રાત રડ્યું. (કારતક સુદ , ૧૯૬૮) રડતાં રેડતાં પેન્સિલથી કાગળ ઉપર પદ રચ્યું, 'ઘડી ઘડી રંગા તારી યાદ સતાવે.' બીજે જ દિવસે સવારે દોડતા પૂ. બાપજીના ઉતારે મેઘદૂત બંગલો, ત્રિવેણીપાર્કમાં સીધો જ બાપજીની રૂમમાં. પૂ. બાપજીએ બોલાવ્યો. 'છોકરા શું લાવ્યો ?' રડતાં રડતાં 'આપ હવે જવાના.. ફરી પાછા ક્યારે આવશો ?' બધાની વચમાં જ દેવ બોલ્યા 'હરિના દ્વારે ગયેલો કોઈ પાછો આવે છે ?' તે સમયે ન હતું સમજાયું કેટલાક ભક્તો માર્મિક હસ્યા પણ ખરાં. બાળકે કહ્યું 'બાપજી મેં ભજન લખ્યું' તુર્તજ બાપજીએ કાગળ હાથમાં લઈને વાંચ્યુ 'છોકરા તેં લખ્યું ?' તે સમયે ભજન ભાસ્કર પૂ.શ્રી સુમનકાકા માસ્તર સેવામાં જ હતાં. માસ્તને કહ્યું 'માસ્તર જો આ છોકરાનું ભજન ભાવ સારો છે.' હું તો રડતો જ રહ્યો. દેવે નજીક બોલાવ્યો. છોકરાએ તેનું માથું અવધૂતના ખોળામાં મૂક્યું. દેવે બંને હાથની ત્રણ આંગણી પીઠ પર અને પછી જમણા હાથનો પંજો માથાપર મૂકી બોલ્યા. 'ભજન કરજે હોં.. તારું ભજન કોઈ નહીં સાંભળે ને તો આ અવધૂત સાંભળશે' એક ટુવાલ અને પટ્ટાવાળા લેંઘાનું કાપડ પણ પ્રસાદમાં આપ્યું. સબ ત્યારથી કવિત્વ શક્તિની દીક્ષા પણ પૂ. બાપજીએ જ દીધી. ૐ...

ભગવાન રંગાવધૂતજીની અગમ્ય અકલખ્ય અને અવર્ણીય લીલાનું ગાન કરતાં ગ્રંથ રચાય તો લહીયો થાકી જાય, નાની જ ઉંમરમાં પરમહંસ પૂ. શ્રી કેવલાનંદના દર્શન ને પછી તો બંનેને એક-મેંક વગર નારેશ્વરમાં ચાલે જ નહીં. એ પણ પેન્ટર કરીને જ સંબોધે. નાની સાપર, દીવાબેટ, ચંદુપટેલ ને ત્યાં ખુમાનસિંહ, કાયમકાકા, આસુકાકાને ત્યાં ચાલતાં ચાલતાં લઈ જાય. અને રસ્તામાં એકાંતમાં સ્વરોદય અને યોગની વાત કરે. ગુસ્સામાં ઠોકેય ખરાં, વળી પાછો પ્રેમ પણ એટલો જ કરે. સાથે વિચરણ બહું કર્યું. એની પણ ઘણી બધી વાતો ને લીલાઓ છે. એને કોણ ઓળખી શકે ? પૂ.શ્રી કેવલાનંદજી ત્યાગી, વૈરાગી, નિષ્કપટ, નિખાલસ, સ્પષ્ટ, સત્ય, નિર્ભય, દયાળુ, પરમજ્ઞાની શું લખું ? શબ્દો નથી અને ન જ નીકળે. કારણકે તેઓશ્રી પણ વારંવાર આ બાળકને કહેતા 'સાલી પૂંછડી રંગકો ક્યા રંગતી હૈ તેરી અંદર જો હૈ ઉસકો રંગ દે, સાલી પતા તો નહીં હૈ કે દત્ત અવધૂત ક્યા ચીજ હૈ ઔર રંગકો દોરતી હૈ, ગાના ગાતી હૈ.' એમના સંગે જ પૂ. બાપજીનો રંગ અવધૂતની અચળવાણી, ધ્યાન, દર્શન અને અંતે જગદીશમાંથી જગદીશાનંદજી નામકરણ દીક્ષા પૂ.પાદ શ્રી કેવલાનંદજી અને પૂ.પાદશ્રી નારાયણદાસ મહારાજશ્રી (સંતરામ મંદિર નડીયાદ) એજ આ માટીના માટલાને ઉપથી ટીપીટીપી અંદર પોચો હાથ રાખી પંપાળીને જીવનનો સાચો રાહ અને લોક કલ્યાણના કાર્યો કરવા મંત્ર દીક્ષા અને નામકરણની દીક્ષા એમના થકી જ ત્ર્યંબકેશ્વરમાં ઈ.સ. ૨૦૦૧માં ઘણા સાધુસંતો વચ્ચે નામકરણ થયું.

આ બાળક ભગવાન સદ્ગુરુદેવની અસીમ કૃપાથી નાનપણથી જ સંગીતમાં ગાયન, વાદન, નર્તન અને ભવાઈ નાટ્ય ક્ષેત્રે, એકપાત્રીય અભિનયમાં, કાવ્યસર્જન, પાદપૂર્તિ, લોકગીત, ભજન, હળવું કંઠ્ય, શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય વાદન (વાયોલિન) લોકવાદ્ય જેવી સંગીતની અનેક કળાશૈલીમાં ગુજરાત રાજ્ય યુવક મહોત્સવમાં પ્રતિ વર્ષે રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન કરી શાળાનું નામ ગૌરવ પ્રાપ્ત કરતો જ રહ્યો.

શાળાકીય રમતોત્સવમાં પણ ખો-ખો, દોડ, હોકી, ઘોડેસવારી, કેરમ સ્પર્ધા, જૂડો, ટેબલ ટેનીસ, બેડમીંટન, લાંબીકૂદ જેવી અનેક રમતોમાં પણ પ્રથમ સ્થાને રહી કેટલાંયે સર્ટી-ઇનામો પ્રાપ્ત કરતો જ રહ્યો.

વક્તૃત્વ સ્પર્ધામાં, શીઘ્રવક્તૃત્વ સ્પર્ધામાં, નાટ્ય, લેખન, ગઝલ શાયરીમાં પણ તે મોખરે સ્થાને રહેતો જ.

ચિત્રકલાના ક્ષેત્રે તેના મૌલિક વિચારો દ્વારા ઘણાં અકલ્પ્ય ચિત્રો ચિત્રજગતમાં અર્પણ કર્યા છે. વર્તમાનપત્રોમાં વાસ્તવિક જગતનો ખ્યાલ, કાર્ટૂન ચિત્રો દ્વારા તે પ્રકાશિત પણ થતાં 'યુગ યુગાંતર' શીર્ષકવાળું ચિત્ર ચિત્ર-સૃષ્ટિમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આકાશાવાણી ઓલ ઇન્ડિયા રેડિયો પર યુવાવાણી કાર્યક્રમમાં સુગમ સંગીતના ગાયક કલાકાર તરીકે ઘણા વર્ષો સુધી સેવા અર્પણ કરી છે.

વર્તમાનપત્રોમાં સામાજિક, ધાર્મિક ક્ષેત્રની પોતાની આગવી મૌલિક વિચારો દ્વારા અનેક વિષયો પર લેખો લખીને એક સારા વિચારક લેખક તરીકે પણ નામના પ્રાપ્ત કરી છે.

નાનપણથી સાધુ-સંતોના સંગ, સત્સંગ અને ભજનગાનને કારણે તેમની આંતરિક વૃત્તિ, સંત સમાજમાં જ જોડાવાની તીવ્ર ઈચ્છા ધોરણ અગિયાર (ઓલ્ડ એચ.એસ.સી.) પાસ કરી ગૃહત્યાગ પણ કર્યો હતો. પણ એક અલૌકિક સાધુએ રસ્તામાં જ જમણાં ગાલપર જોરથી તમાચો મારી 'ઘરમાં રહીને જ ભક્તિ કર, સંસારમાં રહીને સાધુ જેવું જીવન જીવી લોક કલ્યાણ કરજે' બસ એક જ તમાચામાં જીવનનું સાચું ધ્યેય પેલા સાધુએ બતાવી દીધું. અને જે બાપને પગે લાગીને બહાર નીકળી ગયો હતો તે જ બાપની પાસે આવી માફી માંગી. પ્રદક્ષિણા કરી અને ગળે વળગી પડ્યો. છતાંયે એ બાપે જ કહ્યું 'તારે જે કરવું હોય તે કરજે તારા આધ્યાત્મિક જીવનમાં હું વચ્ચે નહીં આવું.' અને સાચે જ તેઓશ્રીએ પોતાનું વચન અંતિમ શ્વાસ સુધી નીભાવ્યું જ. ૐ...

જે શાળામાં ભણ્યો એ જ શાળામાં શ્રી શારદા મંદિરના એ.સી. શારદા મંદિરના પ્રા.વિ.માં સતત એકત્રીસ વરસ સુધી એક ઉત્તમ શિક્ષક તરીકે નામના મેળવી સ્વૈચ્છિક નિવૃત્તિ લી બાળકોને જ ઈશ્વરનું સ્વરૂપમાની સંસ્કાર સીંચનના બી રોપી સમાજના ઉત્કર્ષમાં આજીવન પર્યંત કોઈપણ જાતના ધર્મના જ્ઞાતિના રીત-રિવાજના બંધન સિવાય એક ક્રાંતિકારી વિચારધારા, વ્યકિતને, સમાજને, રાષ્ટ્રને દેશ-વિદેશમાં ઘૂમીને ભારતીય સંસ્કૃતિની પરંપરાને સદા જાગૃત રાખી સતત પરિભ્રમણ વિચરણ કરી રહ્યા છે.

તેઓશ્રીમાં રહેલી અવધૂતી વિચારધારાની આગવી સૂઝ, મસ્તી, અવધૂતી આનંદના ભજનોમાં શ્રી ગુરુલીલામૃત કથા શ્રી રંગલીલામૃત કથા, મા-ગુરુ-સાંઈ ચરિત્ર, શ્રી દત્તબાવની ભાવાર્થ રાષ્ટ્રપ્રેમની ભાવના, સમાજ જાગૃતિ, વ્યસનમુક્તિ, માનવકલ્યાણના અનેક કાર્યો ગુપ્તપણે કોઈપણ જાતના દંભ, કપટ, સ્વાર્થ વિના નિખાલસપણે સહજ રીતે રંગકૃપાથી જ કરી રહ્યા છે. તેઓશ્રીના નિસ્વાર્થ પ્રેમલક્ષણા વ્યક્તિત્વથી જ અનેક વ્યસનીઓ અને અનેક ગામો વ્યસનમુક્ત અને ગામ-ગામ વચ્ચેના ગૂઢ સંબંધો દ્વારા જોડાઈને રાગ-દ્વેષ કે અબોલા સંબંધો એકબીજાને સદા હસતા કરી રહ્યા છે. તેઓશ્રીનો અરેક સાથેનો આત્મીય ભાવ, પ્રેમ દુર્લભ દર્શનીય છે. તેથીજ તેઓશ્રી દરેક નાતિ-જાતિ સૌ કોઈ સાથે રહીને જીવનના સાથી મિત્ર બનીને એક સાચા પથદર્શક-રાહબર બની રહ્યા છે.

તેઓશ્રી દરેક સાથે એક બાળ-મિત્ર ભાવે જ રહે છે. પણ તેઓશ્રીના

પ્રેમામૃતમાં જેણે જેણે આચમન કર્યું છે તેઓ સૌ કોઇ તેમને ગુરુભાવે નમન કરે છે, હેત અર્પણ કરે છે તેઓશ્રી બાળ-નિખાલસ ભાવે સૌ કોઇને એક જ વાત કહી રહ્યા છે કે 'ભાઇઓ હું કોઇ મહાત્મા નથી હું કોઇ સંત-મહંત-ગુરુ-સ્વામી મહારાજ-વિદ્વાન-કથાકાર કે આત્મજ્ઞાની-ધ્યાની કે તમે જે મહાન વ્યક્તિની પ્રતિભા માનતા હોય તેમાંથી હું કોઇ એવી મહાન વ્યક્તિ નથી નથી ને નથી જ.' 'હું તો માત્ર ભગવાન રંગનો નાચીજ એક કૂતરો છું.' આ વાત તેઓશ્રી નિખાલસ ભાવે કોઇપણ જાતના કપટભાવ, કટાક્ષભાવ વગર સહજ કહે છે.

અવધૂત પરિવારમાં કેટલાક મહાન માંધાઓએ કેટલીક ખોટી વાતીની કાર ભંભેરણી કરીતે આમ જનતાને તેમનો તિરસ્કાર-ધૃણા કરવા અકલ્પ્ય અગાધ, અથાક પ્રયત્નો કર્યા હતાં. પણ સત્યના દર્શન થતાં જ બધાના મ્હોં બંધ થઇ ગયા છે. આ સ્વાર્થી  જગત પોતાના માંજણ્યા ભાઇ-બહેન, સગાવહાલાંને કપટ દાવથી છોડતાં નથી તો સાધુ-સંતોની તો વાત જ ક્યાંા રહી ?

આજ ભારતની કેટલીક કહેવાતી ધર્મજાગૃત પ્રજાએ નામી-અનામી દેશદાઝ પ્રેમી દેશનેતાઓને સંતો, સિધ્ધો, મહાત્માઓ, ભક્ત-કવિઓ, સમાા સુધારકો વિશ્વના ચિંતકો રાજા-મહારાજાઓ અરે ભગવાન જેવા ભગવાનને પણ કાન ભંભેરણી કરીને વનવાસ, કારાવાસ, વસ્ત્રાહરણ, ઝેરના કટોરા, ચોરીના આરોપ, વધસ્તંભ પર જસતના તારના સાટકા, છેલ્લા શ્વાસ સુધી પાણીનું ટીપું પણ આપ્યું નથી. ખોરામાં પીવાના ચા-પાણી, કોફીમાં ઝેર, બંદૂકની ગોળી, દ્વારા કમોતે મોત, મૂઢમાર, ત્રાંત્રિક પ્રયોગ અરે સંત-સાધુનું જડ નિકંદન કાઢવા, સંત સાધુની સાથે જ હરતી-ફરતી સંત-સાધુને ગુરુ તરીકે પૂજતી વ્યક્તિ એ જ સાધુ-સંતને છેલ્લો શ્વાસ બંધ કરવા માટે અરે એનું કાસળ કાઢવા માટે શું-શું નથી કરી શકતી ?

આજકાલ રાગ-દ્વેષ-ઈર્ષાના ઝંઝાવાતમાં કહેવાતા સાધુસંતો પણ પોતાની સાધુતા, સજ્જનતાનો ભાવ છોડીને પોતાનાં જ કહેવાતા બદમાશોનાઈશારે નાચીને પોતાના જ પંથના વિચારકોને હણતા, તેનું કાસળ કાઢતાં જરાપણ ખચકાતાં નથી. સાધુતા-સાધુતાવચ્ચે પણ જાણે હાટડીની ઘરાકી તૂટી જશે એવો ડર રહે છે તેને કારણે બહારથી વાણી દ્વારા શાંત-શીતળતા દર્શાવતા, ભગવાનનું સ્વરૂપ તરીકે ઓળખાવતા, પોતાની જાનથીકે વર્તુળ દ્વારા સંતો તરીકે કહેવડાવતા, પૂંજાવતાઓ પણ અહિત કરવામાં-કરાવવામાં બાકાત રહેતા નથી જ.

/ શ્રી જગદીશાનંદને કોઇ માને કે ના માને, કોઇ ચાહે કે ના ચાહે પણ તેમને હૃદયથી ઓળખનારા તો કોઇ ભાગ્યે જ મળી શકે. હા, તેઓશ્રી ઉન્મત દશાના, બહારથી લાગતા ક્રોધી, ગુસ્સાવાળા, પાગલ જેવા લાગે, પણ અંદરથી સાચેજ અતિ કોમળ, શાંત, સત્યપ્રેમી, સ્પષ્ટવક્તા અને નીડર શ્રેષ્ઠ પ્રેમી પૂજારી છે. તેઓ પાસે હર કોઇ અબાલ સ્ત્રી-પુરુષ, યુવક-યુવતી, સહજ ભાવથી મળી શકે છે.

તેઓશ્રી કોઇને પણ પોતાના ફોટા રાખવાનું કે ફોટા પડાવી ટીંગાડવાનું કે ગુરુ તરીકે પૂંજો કે પૂંજાવવાનું ક્યારેય કોઇને કહેતા નથી કે તેમ કરવાનું કહેતા પણ નથી.પણ સમાજ જ તેને અપનાવતો હોય તો તે શું કરે ? શ્રીરામ ભગવાન છે અને હનુમાનજી તેમનાદાસ છે.પણ દાસ ભાવ જેણે માગ્યો છે અને હનુમાનની દાસભક્તિ જેકોઇ માનનારાને ગમે છે તે હનુમાનજીની ભક્તિ કરે કે પૂંજાય તેમાં ક્યારેય રામજીને ઈર્ષા આવતી નથી. રામજી તો મનોમન એવા હરખાય છે કે ભલે મારો દાસ પૂંજાય છે પણ તે સૌ કોઇને મારામય તો બનાવે છે ને ?

રામજી અને હનુમાનજી તો બે એક જ છે પરંતુ વચ્ચે રહેલા સમાજના કહેવાતા દંભીઓના પેટમાં ચૂંક આવે તે હનુમાનજીની નીંદા, ટીકા કરે, કરાવે પણ જેને ભજન સાથે જ નિસ્બત છે તે લોક નિંદા, ટીકાથી ક્યારેક ડરતો નથી કે બીજાને ડરાવતો નથી.

જગદીશાનંદજી પોતે અવધૂત પરિવારના એક ગુણીયલ સમાજ સુધારક અને સૌ કોઇને અવધૂતની વિચારધારા તરફ સત્પથ પર ચઢાવાનારી એક વિરલ વિભૂતિ છે છતાંયે તેને અવધૂત પરિવારના કહેવાતા વિદ્વાનો, સંતો, શ્રીમંતો, વિચારકો, ઈર્ષાળુઓએ આ રંગબાળને પણ હેરાન કરવામાં તો છોડ્યા નથી જ. કારણકે તેઓશ્રીને ભગવાન તો છોડ્યા નથી જ. કારણકે તેઓશ્રીને ભગવાન રંગાવધૂતજીની કૃપાએ એક કુશળ સંગીતકાર ચિત્રકાર, વિચાર વિવેચક, સંતહૃદય, સંતપ્રેમી, એક સ્પષ્ટ, સત્ય નિડર વક્તા, એક સમાજસુધારક વિરલ વિભૂતિ બનાવવામાં પરમહંસ શ્રી કેવલાનંદ સંતરામ મંદિરના બ્રહ્મકાલીન મહંત પૂ. શ્રી નારાયણદાસ મહારાજશ્રી, સાવલીના સ્વામીજી, સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી પ્રમુખ સ્વામી મહારાજ સ્વતંત્ર્ય સેનાની પ્ર. પાદ સ્વ. શ્રી ધનંજયકાકા શ્રોફ, શ્રી રંગચરણ બ્રહ્મલીન યોગનિવાસી પ.પૂ. ગોવિંદભાઇ ઉપાધ્યાય, બ્રહ્મકાલીન પૂ. પાદ શ્રી ડોંગરેજી મહારાજશ્રી, સોલા ભાગવત વિદ્યાપીઠના સંસ્થાપક ભાગવત માંતર્ડ પૂ.પાદશ્રી કૃષ્ણાશંકર શાસ્ત્રીજી, ઈંદોરના બ્રહ્મલીન તરાણેકર નાના મહારાજશ્રી, દ્વારકાપીઠના બ્રહ્મલીન ચંદ્રશેખરાનંદ શંકરાચાર્ય મહારાજશ્રી, શક્તિપાન કરાવતા બ્રહ્મલીન મધુસુદનદાસ મહારાજશ્રી, ચિસકારીના બ્રહ્મલીન પૂ. પાદ શ્રી બાલકદાસજી મહારાજરી મોટી કોરલ નિવાસી રામભક્ત મૌની નિજાનંદી લાલજી મહારાજશ્રી, મુસ્લીમ ધર્મના અજમેર, ઈંદોર, અલ્હાબાદના સર્વધર્મપ્રેમી ગીતાના ચાહક અલીયાઓ, ફકીરો, ફીરસ્તાઓ એક-એક નામ ગણાવતાં જગદીશાનંદજીને હવે બસ-બસ કહેવું પડે તેવા અનેક સંતો, સિધ્ધો, પરમહંસોના આશીર્વાદથી જ તેઓ શ્રી એક કુશળ, સાચા રાહબર, કથાકાર નહીં હોવા છતાંએ કથાને નિમિત્ત કરીને સૌ કોઇના આજે લાડીલા સંત ગુરુ લોક હૃદયે ચાહના પ્રાપ્ત કરનાર એક ઓલીયા જ છે. અવધૂત પરિવારના મહાંધાતાઓ ભલે વાણી વૈખરીમાં કે કાવ્યોમાં લખતાં કે ભાષણોમાં બોલતાં કે જાત પાતની અમને તો ક્યાંયે આભડછેટ નથી. પણ જો તમે જગદીશાનંદજીના અનુભવોમાં આવો તો ખ્યાલ આવે કે આવી વિરલ સ્વભાવની વ્યક્તિ જાત-પાતને એક કરીને સમાજને સાચા રસ્તે કેટલાંયે કુટુંબો જે પડી ભાંગ્યા હોય તેનો હાથ ઝાલીને સાથે ખભેખભા મિલાવીને અવધૂતજીને ગમતું જ કાર્ય કરી રહ્યા છે. તે પણ અવધૂત પરિવારના કહેવાતા માત્ર પોથી પંડિતોને તે ગમતું જ નથી તેથી તેઓ દ્વારા કહેવાતું વર્તુળ સૌ કોઇને કહેતું ફરે છે કે અલ્યા સાચવજો સોની સમાજનો છે ને વ્યાસપીઠ પર બેઠો છે તેને કથામાં કેતેના કોઇપણ કાર્યમાં આપણે સાથઆપવો નહીં કે અપાવવો નહીં. એક નંબરનો બદમાશ, કપટી, લફરાબાજ, ધતીંગ કરનારો, પોતાના ફોટા વેચનારો, પોતાની જ વાહ વાહ કરનારો ને કરાવનારો, ચીટર છે ચીટર તેનાથી દૂર રહેજો અને પૂ.શ્રી જગદીશાનંદજી પણ એમ જ કહે છે કે ભાઇ, વડીલો અને સંતો કહે તેમ જ કરજો 'ભાઇ, મને તો કોઇ મારું પ્યારૂં નથી કે કોઇ મારું દુશ્મન નથી' આટલા અનુભવો બાદ તેઓશ્રી કહે છે કે 'મને અવધૂત પરિવારમાં રસ નથી મને તો અવધૂત અને અવધૂતની નિજાનંદી મસ્તીમાં જ રસ છે.' કોઇ નીંદે કોઇ વંદે જે કોઇ જે માને તે માને સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી સૂર્ય ક્યારેય ઝાંખો પડતો નથી. આ વિધાતાએ સૃષ્ટિનું સર્જન કર્યું તયારથી જ વિરોધાભાસનું સર્જન સર્વત્ર થયું છે. એટલે આપણે માત્ર એક દૃષ્ટા બની જોયા કરવનું અને આપણું કર્મ નિષ્કર્મભાવે કરતાં રહેવાનું. તેઓશ્રી કથા-ભજન કે કોઇપણ ધર્મકર્મમાં પૈસાને ક્યારેય સ્પર્શ કરતાં નથી, અને ભૂલથી પણ ક્યારેય પૈસાને સ્પર્શ થઇ જાય તો નિર્જલા ઉપવાસ કરે છે. ક્યારેય કોઇ ગાદી-તકીયા કે આ જોઇશે ને પેલું જોઇશે, હું આમ છું ને હું તેમ છું ક્યારેય કોઇ મોટાઇ કે બડાઇની વાત તેમના સ્વભાવે કોઇએ પણ જોઇ નથી કે જોવા મળશે પણ નહીં.

તેઓશ્રી કહે છે કે, 'મારામાં જે કાંઇ આપને યોગ્ય ને ગમતું દેખાય છે તે મારા ભગવાન ઠાકોર અવધૂતજીની તથા સર્વે મારા સંતોની મારા માતા-પિતાની કૃપાનું જ ફળ છે. અને જેના થકી મને જે કાંઇ સંસ્કાર દ્વારા મળ્યું છે તેને લોક કલ્યાણ દ્વારા મારા ભગવાન શ્રી રંગાવધૂતજીના શ્રી ચરણોમાં સર્વસ્વ અર્પણ જ કરું છું. જે કાંઇ છે તે અવધૂતની જ કૃપાનું ફળ છે. વધુ વિગત માટે તેમના જીવન ચરિત્રનું પુસ્તક જ તેમનું સ્પષ્ટ સત્ય દર્શન છે. પછી વિચારજો કે જગદીશાનંદ કેવો છે ?'